બારડોલીના ભામૈયાનાં મહિલા સરપંચને હોદ્દા પરથી દૂર કરવા નોટિસ

સત્તાનો દુરુપયોગ અને ભ્રષ્ટાચારના ગંભીર આક્ષેપો

સમયમર્યાદામાં ખુલાસો નહીં કરાય તો કાર્યવાહી કરાશે

બારડોલીઃ બારડોલી તાલુકાની ભામૈયા ગ્રામ પંચાયતના મહિલા સરપંચ ઉષાબેન આનંદભાઈ રાઠોડ સામે સત્તાના દુરુપયોગ અને સરકારી યોજનાઓમાં ગેરરીતિ બદલ જિલ્લા વિકાસ અધિકારી દ્વારા કારણદર્શક નોટિસ ફટકારવામાં આવી છે. તે અંગે 15 દિવસમાં ખુલાસો માંગવામાં આવ્યો છે.

તપાસ અહેવાલ મુજબ, સરપંચના પતિ આનંદભાઈ રાઠોડના નામે વર્ષ 2019માં જિલ્લા પંચાયતની સ્વભંડોળ યોજના હેઠળ આવાસ મંજૂર કરવામાં આવ્યું હતું. તેમ છતાં, ઉષાબેને સત્તાનો ઉપયોગ કરી વર્ષ 2020-21માં ખાસ આદિજાતિ વિસ્તાર પેટા યોજના હેઠળ પોતાના નામે પણ આવાસનો લાભ મેળવ્યો હતો. આ પેટે તેમના ખાતામાં કુલ રૂ. 1,20,000 જમા થયા હતા. એક જ કુટુંબના બે સભ્યએ સરકારી યોજનાનો ખોટો લાભ ઉઠાવીને નાણાકીય ગેરરીતિ કરી હોવાનું પ્રાથમિક તપાસમાં જણાયું છે. બીજા ગંભીર આક્ષેપ મુજબ, સરપંચે ગ્રામ પંચાયતની હદમાં આવેલી સરકારી પડતર જમીન (બ્લોક નં. 97 અને 100) પરથી વન વિભાગ કે મામલતદારની મંજૂરી વિના અંદાજે 58 જેટલા વડ અને બાવળના વૃક્ષો કપાવી નાખ્યા હતા. આ મામલે રૂ. 58,000નો દંડ પણ ફટકારાયો છે. અરજદાર સ્વાતિબેન પટેલની ફરિયાદના આધારે ટીડીઓના તપાસ અહેવાલ બાદ આ કડક કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. સંતોષકારક ખુલાસો રજૂ કરવામાં નહીં આવે, તો કાર્યવાહી કરાશે.

પાલિકામાં નથી જોડાવું: ચીખલીના લોકોનો 'રૂઢી' ગ્રામસભાનો હુંકાર!

ગ્રામજનોએ રાજ્યપાલને આદેશ કરતો ઠરાવ તાપી કલેક્ટરને આપી રજૂઆત કરી

વ્યારાઃ વ્યારાના ચીખલી ગામને વ્યારા નગર પાલિકામાં સમાવવા મુદ્દે તેમજ ગામમાં સ્થાનિકોની જાણ બહાર પ્રોજેક્ટના સરવેનો વિરોધ કરી ગ્રામજનોએ ચીખલી ગામમાં રૂઢી ગ્રામસભા યોજી ગુજરાતના રાજ્યપાલને આદેશ કરતો ઠરાવ પસાર કર્યો હતો. જે ઠરાવ ગતરોજ ચીખલી ગામના આદિવાસીઓ દ્વારા કલેક્ટરને આપવામાં આવ્યો હતો.

આ ઠરાવમાં ચીખલી ગામને વ્યારા નગર પાલિકામાં જોડવાનો વિરોધ કર્યો હતો તેમજ ગામમાં સરવે કરવા આવતા લોકોને પણ પ્રવેશવા દેવામાં નહીં આવે તેવો ઉલ્લેખ કરવામાં આવ્યો છે. 'તેમજ ગામની ગોચર જમીન પર વિવિધ પ્રોજેક્ટને લઈને થતાં ગેરકાયદે દબાણો સામે કડક કાર્યવાહી કરવા સહિત બિનઆદિવાસીઓ દ્વારા ગામની ગોચર જમીન ઉપર થઈ રહેલા અતિક્રમણ સામે સખત વિરોધ કરવામાં આવ્યો છે. ત્યારે વ્યારાના ચીખલી ગામના ગ્રામજનો સાફ સાફ સંકેત આપી રહ્યા છે કે તેઓ નગરપાલિકા સાથે જોડાવા માટે તૈયાર નથી. ગામના લોકોએ કલેક્ટરને લેખિત રજૂઆત કરી હતી, જેમાં નગરપાલિકામાં જોડાણના પ્રસ્તાવનો ઉગ્ર વિરોધ કરાયો હતો.

પત્રમાં એવો ઠરાવ પણ કરવામાં આવ્યો છે કે ગામમાં આવનારા સરવે કરવા આવતા અધિકારીઓને પ્રવેશ આપવા મંજૂરી નહીં આપવામાં આવે. આ મામલે આગેવાન સાથે વાત કરતાં જણાવ્યું હતું કે, ગ્રામજનો પોતાની જમીન, હક અને સંસ્કૃતિ માટે સચોટ અને મજબૂત નિવેદન આપી ચૂક્યા છે. ચીખલી ગામ નગરપાલિકામાં નહીં જોડાય અને કોઈ સરવે અથવા જાહેર કામગીરી માટે ગામની મર્યાદામાં પ્રવેશ નહીં આપી શકાય. ગ્રામજનોએ નક્કી કર્યું છે કે તેઓ આ પ્રસ્તાવ સામે એકત્રિત રીતે ઊભા રહેશે અને જો કોઈ પ્રયાસ થાય તો તેમાં ઉગ્ર રીતે વિરોધ કરવામાં આવશે.

જર્મનીના વિઝા માટે બોગસ ઓફર લેટર થમાવી 24.20 લાખ ખંખેર્યા

ખોલવડના ચાર મિત્ર કામ-ધંધા સારા હોવાનું જાણી જર્મની જવા તૈયાર થયા, પરંતુ અમદાવાદના એજન્ટે છેતર્યા

કામરેજઃ મૂળ અમરેલીના લાઠીના ચાવડના વતની અને હાલ ખોલવડની બંસરી લક્ઝરીયામાં ડી-503માં રહેતા જય જીતેન્દ્ર રાછડીયા ઓર્નિયા જ્વેલરીના નામથી ઓનલાઈન ઈમિટેશન જ્વેલરીનું વેચાણ કરે છે. મિત્રો મીત ચેતન રાછડીયા, વૃષભ મહેશ સાવલીયા, નિહાર મનોજ વેકરીયા મિત્રો સાથે જર્મની દેશ નોકરી ધંધા માટે ગયા છે.

ફોન પર વાતચીત થતાં જર્મીનમાં નોકરી ધંધા સારા છે તેવું જણાવતાં દોઢ વર્ષ અગાઉ ચારેય મિત્ર જર્મની ખાતે ધંધા માટે જવાનું નક્કી કર્યું હતું. ત્યારે મીત રાછડીયાનો મિત્ર ઉત્સવ બહારના દેશમાં જવાનો છે, જેના વિઝા ફાઈલ અમદાવાદ ખાતે રીસેપ્ટીવ સોલ્યુશન ખાતેથી થાય છે, એવી વિગતો સાંપડી હતી. જેથી મીતના મિત્ર પાસે રીસેપ્ટીવ સોલ્યુશનનો નંબર લઈને સંપર્ક કરતાં કેતન જાદવ નામથી ઓળખાણ આપી અમદાવાદ મકરબા દેવ પ્રાઈમનું ઓફીસનું સરનામું આપ્યું હતું.

ચારેય મિત્ર અમદાવાદ ખાતે જઈને કેતન જાદવને મળ્યા હતા. વિદેશ જવા માટે વાતચીત કરતાં રૂ.6 લાખનો ખર્ચ થશે, જર્મની જાઓ ત્યાં કંપનીના માણસ લેવા માટે આવશે અને તે જ દિવસ તમારી નોકરી ચાલુ થઈ જશે. મહિનાના 3.50થી 4 લાખ રૂપિયા પગાર મળશે તેવી વાત જણાવી ફોર્મ પર નામ, સરનામા, ઈમેલ આડી લખાવી રીસેપ્ટીવ સોલ્યુશનના માલિક વિકલ રાજેશ ગીલાણી છે, જે 13 વર્ષથી વિઝા એજન્ટ તરીકે કામ કરે છે, તેવો વિશ્વાસ આપ્યો હતો. ચારેય મિત્રએ ઘરે આવી પરિવારને વાત કરતાં વિદેશ જવાની મંજૂરી મળી હતી. કેતન જાદવે ચારેય મિત્રનો સંપર્ક કરી અલગ અલગ ખાતામાં મળી કુલ્લે એકના રૂ.6,05,000 લેખે ચારેય મિત્રના મળીને રૂ.24,20,000 મેળવી લીધા હતા.

બાદમાં વિઝા માટે કેતન જાદવનો સંપર્ક કરતાં બે મહિનામાં જર્મનીની કંપનીનો ઓફર લેટર આવી જશે, વર્ક પરમીટની પ્રોસેસ થશે તેવું કહ્યું હતું. બે મહિના બાદ કેતન જાદવનો સંપર્ક કરતાં ફાઈલ મુંબઈ ઓફિસે મોકલી છે, કામ ત્યાંથી થશે એવું કહ્યું હતું. ચારેય મિત્રએ મુંબઈ ઓફિસે અંજુ શર્માનો સંપર્ક કરતાં જર્મની વઈવોરા એળટી કંપની ઓફર લેટર મેઈલ કરશે એવું કહ્યું હતું.

બાદમાં મિત્રોના ઈમેઈલમાં ઓફર લેટરની પીડીએફ આવી હતી. જેની ખરાઈ કરતાં જર્મની દેશમાં આવી કોઈ કંપની નહીં હોવાનું જાણવા મળતા અમદાવાદ અને મુંબઈ ઓફિસ પર તપાસ કરતાં બંને ઓફિસ બંધ આવતા ચારેય મિત્રોને છેતરપિંડી થયાનો અનુભવ થયો હતો, જેથી તેમણે કામરેજ પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી હતી.

શેરબજારમાં નફાની લાલચમાં યુવાને રૂ.51.50 લાખ ગુમાવ્યા

નવાગામના યુવાન સાથે છેતરપિંડી થતાં પોલીસ ફરિયાદ

કામરેજઃ નવાગામમાં રહેતા યુવક પાસેથી શેરમાં રોકાણ સામે નફાની લાલચમાં રૂ.51,50,000 ટ્રાન્સફર કરાવી લઈને વિશ્વાસઘાત અને છેતરપિંડી થઈ હોવાની પોલીસમથકે ફરિયાદ નોંધાઈ હતી.

મૂળ જૂનાગઢના સુખપુર ગામના વતની અને હાલ કામરેજના નવાગામે શ્યામનગર સોસાયટીમાં વિભાગ-2 માં કેલ્વિન રમેશભાઈ વડાલીયા રહે છે. મેડિકલ રિપ્રેઝન્ટેટીવ તરીકે નોકરી કરે છે.

ગત તા.3-11-25ના રોજ અજાણ્યા નંબર પરથી ફોન આવ્યો અને જણાવ્યું કે કાવ્યા ગોડ બોલું છું, ઈન્વેસ્ટમેન્ટ માટે સલાહ આપું છું તેમ કહીને એક એબીબી ઈન્ડિયામાં ઈન્વેસ્ટ પોતાના ડીમેટ એકાઉન્ટમાં કરવાનું કહ્યું હતું, જેમાં સાત હજારનો નફો થતાં વિશ્વાસ આવતા બીજા દિવસે બીજા નંબરથી ફોન કરીને કાવ્યા ગોડએ જો વધુ નફો મેળવવો હોય તો અમારી પાસે બીજો એક ઉપાય છે, રીસ્ક વગર વધુ નફો થશે તેમ કહેતા હા પાડતાં એકાઉન્ટ મેનેજર રાઘવન નારાયણનો નંબર આપી તેની સાથે વાત કરવાનું કહેતા વાત કરતાં એક એપ્લિકેશન ડાઉનલોડ કરાવી એકાઉન્ટ ખોલાવ્યું હતું. બાદમાં મેનેજર રાઘવન નારાયણને રૂ.2 લાખ ટ્રાન્સફર કરી આપ્યા હતા. જેમાંથી રૂ.1,98,870ના શેર Elite Fyersam કંપનીમાં બતાવતા હતા.

સાત હજાર નફો બતાવતો હતો. બાદમાં લાલચમાં આવી અલગ અલગ બેંકમાં મળી કુલ્લે રૂ.51,50,000 ટ્રાન્સફર કરાવીને ઈન્વેસ્ટ Elite Fyersam માં કુલ નફો 7,12,00,000 બતાવતા પરત પોતાના ખાતામાં લેવા માટે Elite Fyersamમાં કામ કર્યું, તો તેના ચાર્જ તથા ટેક્સ પેટે રૂ.30 લાખ ભરો તો નફાની રકમ એપ્લિકેશમાંથી વિડ્રો કરી શકાશે, તેમ કહેતા રૂ.30 લાખમાંથી 7 લાખ રૂપિયા બેંક ઓફ ઈન્ડિયાના ખાતામાં ટ્રાન્સફર કર્યા હતાં. વધુ રકમની માંગણી કરતાં છેતરપિંડી થઈ હોવાનું લાગતા ઓનલાઈન સાઈબર ક્રાઈમની ફરિયાદ નોંધાવી હતી.

દસ્તાન નજીક રિક્ષા અને ટેમ્પો અથડાતાં 6 મુસાફર ઘાયલ

પલસાણાઃ કડોદરા-બારડોલી હાઈવે પર દસ્તાનમાં રસ્તાની સાઈડમાં ઊભેલા એક ટેમ્પોની પાછળ પેસેન્જર રિક્ષા અથડાતાં રિક્ષાચાલક સહિત કુલ છ ગંભીર રીતે ઘાયલ થયા હતા. આ અકસ્માત એટલો પ્રચંડ હતો કે રિક્ષાના ફૂરચા બોલી ગયા હતા.

GJ 19 WB 6122 નંબરની પેસેન્જર રિક્ષા કડોદરાથી બારડોલી તરફ જઈ રહી હતી. દસ્તાન નજીક રિક્ષાચાલકે અચાનક સ્ટીયરિંગ પરથી કાબૂ ગુમાવ્યો હતો. જેના પરિણામે પૂરઝડપે જતી રિક્ષા રસ્તા પર ઊભેલા આઈશર ટેમ્પોમાં પાછળના ભાગે ઘૂસી ગઈ હતી. અકસ્માતને પગલે ચીસાચીસ મચી ગઈ હતી. સ્થાનિકોએ તાત્કાલિક 108 એમ્બ્યુલન્સને જાણ કરી હતી અને રિક્ષામાં ફસાયેલા ઈજાગ્રસ્તોને બહાર કાઢવાની કામગીરી શરૂ કરી હતી. તમામ છ ઈજાગ્રસ્તને હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડવામાં આવ્યા છે. આ અકસ્માતને કારણે હાઈવે પર લાંબો ટ્રાફિક જામ સર્જાયો હતો. પલસાણા પોલીસે સ્થળ પર પહોંચી વાહન વ્યવહાર પૂર્વવત કરાવ્યો હતો.

જન્મદિવસ ઉજવણીનો નહીં જવાબદારી સ્વીકારવાનો દિવસ : અંકુર દેસાઈ

કડોદરામાં અંકુરભાઈ દેસાઈનો જન્મદિવસ અનોખી રીતે ઉજવાયોઃ "એક જન્મ - 100 સપના" અભિયાનનો પ્રારંભ

જન્મદિવસે ઉજવણી નહીં, સેવા અને વિકાસની પ્રતિજ્ઞા સાથે વિવિધ લોકહિતકારક કાર્યક્રમો યોજાયા

અંતમાં જણાવ્યું "મારો જન્મદિવસ નહીં, આ સમાજના સપનાઓનો ઉત્સવ છે." : અંકુર દેસાઈ

જન્મદિન નિમિતે વિવિધ સેવાકીય પ્રવુતિ કરવામાં આવી

પલસાણાઃ સુરત જિલ્લાના કડોદરા ખાતે અંકુરભાઈ દેસાઈ (પૂર્વ અધ્યક્ષ, કડોદરા નગરપાલિકા તથા સુરત જિલ્લા ભારતીય જનતા પાર્ટી સંગઠન મહામંત્રી)ના જન્મદિવસની ઉજવણી આ વર્ષે અનોખી અને સેવામૂલક રીતે કરવામાં આવી. "એક જન્મ - 100 સપના" સંકલ્પ સાથે સમાજના વિવિધ વર્ગોને લાભ પહોંચે તેવા અનેક કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું.

કાર્યક્રમ દરમિયાન અંકુરભાઈ દેસાઈએ પોતાના સંબોધનમાં જણાવ્યું હતું કે તેમના માટે જન્મદિવસ ઉજવણીનો દિવસ નહીં પરંતુ જવાબદારી સ્વીકારવાનો દિવસ છે.

તેમણે જણાવ્યું કે એક વ્યક્તિના જન્મ સાથે સમાજના અનેક સપનાઓ જોડાયેલા હોય છે-દીકરીના શિક્ષણથી લઈને વિધવાના સ્વાભિમાન, યુવાનોના રોજગારથી લઈને પરિવારોના આરોગ્ય સુરક્ષા સુધી. આ અભિયાન માત્ર એક દિવસ પૂરતું નહીં પરંતુ સતત ચાલતું વિકાસમૂલક મિશન બનશે.

જન્મદિવસ નિમિત્તે સવારે આકળામુખી હનુમાનજી મંદિર ખાતે દર્શન કરી કાર્યક્રમોની શરૂઆત કરવામાં આવી. ત્યારબાદ "સ્વદેશી મેળા"નું ખાતમુહૂર્ત કરવામાં આવ્યું. વિદ્યાર્થીઓને સ્પર્ધાત્મક પરીક્ષામાં આગળ વધારવા માટે અંકુરભાઈ દેસાઈએ પોતાના ખર્ચે શરૂ કરાવેલા મુખ્યમંત્રી જ્ઞાન સાધના તથા શિષ્યવૃત્તિ પરીક્ષાના માર્ગદર્શન વર્ગોનું ઉદ્ઘાટન ચલથાણ પ્રાથમિક શાળા અને કડોદરા પ્રાથમિક શાળા ખાતે કરવામાં આવ્યું. આરોગ્ય સેવાઓ અંતર્ગત સુરત મેડિકલ કોલેજની ટીમ દ્વારા ચલથાણ ગ્રામ પંચાયત હોલ ખાતે હેલ્થ ચેકઅપ કેમ્પ તથા કડોદરા નગરપાલિકા હોલ ખાતે આંખ નિદાન કેમ્પ યોજાયો. ઉપરાંત ગંગાસ્વરૂપ બહેનોને સાડી વિતરણ, સગર્ભા અને ધાત્રી માતાઓ, કિશોરીઓ તથા કુપોષિત બાળકોને પોષણ કીટ વિતરણ તેમજ ટીબી દર્દીઓને આરોગ્ય કીટ વિતરણ જેવા કાર્યક્રમો કડોદરા નગરપાલિકા ઓડિટોરિયમ ખાતે યોજાયા. બપોરે સફાઈકર્મી મિત્રો સાથે સમૂહ ભોજનનું પણ આયોજન કરવામાં આવ્યું, જે કાર્યક્રમનો માનવતાભર્યો ભાગ બન્યો.

સંકલ્પ સાથે સમાપન

અંકુરભાઈ દેસાઈએ પ્રતિજ્ઞા વ્યક્ત કરી કે દર વર્ષે પોતાના જન્મદિવસે ઓછામાં ઓછા 100 લોકોના જીવનમાં નવી આશા, નવી દિશા અને વિકાસના અવસર ઉમેરવા પ્રયાસ કરશે. તેમણે સૌને સાથે મળીને સમાજને વિકાસ, શિક્ષણ, સ્વાભિમાન અને પ્રગતિનું મોડેલ બનાવવાની અપીલ કરી.

કોસંબા પોલીસ નિશાને: પીપોદરા GIDCમાં SMCએ દારૂ શોધ્યો!

ઈંગ્લિશ દારૂનું કાર્ટિંગ થતું હતું અને ગાંધીનગર વિજિલન્સ ટીમ ત્રાટકી

ઈબ્રાહીમ કાનુ

હથોડાઃ કોસંબા પોલીસ સ્ટેશનની હદમાં આવેલા પીપોદરા જીઆઈડીસીમાં કોઈપણ રોકટોક વિના જાહેરમાં ચાલી રહેલા વિદેશી દારૂના વેપલા પર ગાંધીનગર સ્ટેટ મોનિટરિંગ સેલે ત્રાટકીને મોટી સફળતા મેળવી છે. બાતમીના આધારે મંગળવારે કરાયેલી આ કાર્યવાહીમાં લાખોની કિંમતનો દારૂ ભરેલું કન્ટેનર ઝડપાતા સ્થાનિક પોલીસની કામગીરી સામે સવાલો ઉભા થયા છે.

ગાંધીનગર વિજિલન્સ ટીમને બાતમી મળી હતી કે, પીપોદરા જીઆઈડીસીની ટેમ્પો ગલીમાં એક બંધ બોડીના કન્ટેનરમાંથી વિદેશી દારૂનું કાર્ટિંગ થઈ રહ્યું છે. આ બાતમીના આધારે એસએમસીની ટીમે ઓચિંતો દરોડો પાડતાં બુટલેગરોમાં નાસભાગ મચી ગઈ હતી. ઘટનાસ્થળે તપાસ કરતાં GJ-18-BT-8186 નંબરના કન્ટેનરમાંથી અલગ-અલગ બ્રાન્ડની વિદેશી દારૂની 140 પેટી કિં. 22,15,722 સહિત 78,40,875નો મુદ્દામાલ મળ્યો હતો. પોલીસે દારૂના જથ્થા સાથે કન્ટેનરના ડ્રાઈવર અને ક્લીનરની ધરપકડ કરી છે, જ્યારે સ્થાનિક બુટલેગરો પોલીસને જોઈને ફરાર થઈ ગયા હતા.

એસએમસીની ટીમે મુદ્દામાલ કબજે કરી આગળની કાર્યવાહી માટે કોસંબા પોલીસ મથકે સોંપ્યો છે. આ ઓચિંતી રેડને પગલે સ્થાનિક પોલીસ બેડામાં ભારે ફફડાટ વ્યાપી ગયો છે. અત્રે ઉલ્લેખનીય છે કે, અગાઉ કોસંબા પોલીસ હદના વાલેસા ગામે સ્ટેટ મોનિટરિંગ સેલે દરોડો પાડ્યો હતો. જે ઘટનામાં ફરજમાં બેદરકારી બદલ કોસંબાના તત્કાલીન પીઆઈ, એક પીએસઆઈ અને ચાર પોલીસકર્મીઓ સહિત કુલ છ જણાને સસ્પેન્ડ કરવામાં આવ્યા હતા. આટલી મોટી શિસ્તભંગની કાર્યવાહી છતાં પોલીસ તંત્રમાં કોઈ સુધારો જોવા મળ્યો નથી. ફરી એકવાર એસએમસીએ લાખોનો દારૂ ઝડપી પાડતાં ભ્રષ્ટ અધિકારીઓની 'વર્દી' જોખમમાં મુકાય તેવી પૂરેપૂરી શક્યતાઓ વર્તાઈ રહી છે.

કુંભિયા ગામમાં દીપડો કૂવામાં ફસાયો

વ્યારાઃ ડોલવણના કુંભિયા ગામે અંદાજિત 4થી 5 વર્ષનો દીપડો ખેતરમાં આવેલા કૂવામાં ખાબક્યો હતો. ઘટનાની જાણ થતાં જ વ્યારા વનવિભાગ અને જીવદયાના સભ્યો ઘટના સ્થળે પહોંચી ગયા હતા અને દીપડાને સુરક્ષિત રીતે બહાર કાઢી નર્સરીમાં લઈ જવામાં આવ્યો હતો.

જાહેર નોટીસ - કૌશિક જાદવ, GAS સબ-ડિવીઝનલ મેજીસ્ટ્રેટ માંડવીની કોર્ટમાં, મુ.માંડવી

નં.જન્મ-મરણ/અપીલ નં.૫૧/૨૦૨૬
તા.૦૯/૦૨/૨૦૨૬

વાદી :- વસંતભાઈ જીવણભાઈ ગામીત, રહે.બી-૨, વાડી વિસ્તાર, ટોરેન્ટો પાવર નજીક, પરવટ પાટીયા, સુરત, જી.સુરત-૩૯૫૦૧૦.

વિરૂધ્ધ

પ્રતિવાદી :- જન્મ મરણ રજીસ્ટ્રાર અને તલાટી કમ મંત્રીશ્રી વેગી ગ્રુપ ગ્રા.પં., તા.અરેઠ, જી.સુરત-૩૯૪૧૭૦

વિષયઃ- જન્મ મરણ અધિનિયમ - ૧૯૬૯ ની કલમ ૧૩(૩) અન્વયે મરણની નોંધણી બાબત.

આથી આ જાહેર નોટીશથી લાગતા વળગતા તમામ ઈસમોને જણાવવામાં આવે છે કે અરજદારશ્રી વસંતભાઈ જીવણભાઈ ગામીત, રહે.બી-૨, વાડી વિસ્તાર, ટોરેન્ટો પાવર નજીક, પરવટ પાટીયા, સુરત, જી.સુરત-૩૯૫૦૧૦એ તેઓના મામા ધર્માભાઈ બોરીયાભાઈ ગામીતનાં મરણની નોંધણી જે તે વખતે કરાવવાની રહી ગયેલી છે. જેની નીચેની વિગતે નોંધણી કરવા સામાવાળાને આદેશ કરવા માટેની અરજી અત્રેની કોર્ટમાં આવેલ છે. ૧. નોંધણી કરાવવાની છે તેનું નામઃ ધર્માભાઈ બોરીયાભાઈ ગામીત ૨. મરણ તારીખઃ ૧૯/૦૪/૨૦૦૭ ૩. મરણનું સ્થળઃ મોજે.વેગી, તા.અરેઠ, જી.સુરત

સબબ, ઉપરોક્ત વિગતે ધર્માભાઈ બોરીયાભાઈ ગામીતના મરણની નોંધણી કરવા સામાવાળાને અત્રેથી હુકમ કરવા સામે કોઈ ઈસમને વાંધો કે તકરાર હોય તો અત્રેની કોર્ટમાં દિન-૩૦માં અથવા આ કામની સુનાવણી તા.૦૯/૦૩/૨૦૨૬ના રોજ વાંધો રજૂ કરવો. જો વાંધો રજૂ કરવામાં નહીં આવે તો કોઈને વાંધો નથી એમ માની આગળની કાર્યવાહી કરવામાં આવશે જેની નોંધ લેવી.

આજ તા.૦૯/૦૨/૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યો.

કોર્ટનો સિક્કો

હુકમથી (કૌશિક જાદવ)
સબ-ડિવીઝનલ મેજીસ્ટ્રેટ, માંડવી પ્રાંત, જિ.સુરત

સંક્ષિપ્ત સમાચાર

સરવાળા ગામે મજૂરનો હત્યારો ઝડપાયો

કુકરમુંડાઃ નંદુરબાર જિલ્લાના ચાંદશૈલી ગામના સરપંચ ફળિયાના 26 વર્ષીય દિનેશભાઈ મગનભાઈ વસાવા મજૂરી કામ માટે સરવાળા આવ્યા હતા. ગત રવિવારે મજૂરીના બાકી રૂ.420 માંગતા આરોપી ભીમસીંગ રાજ્યાભાઈ વસાવાએ દિનેશભાઈને ગુપ્ત ભાગે લાત મારતાં તેમનું મોત નીપજ્યું હતું. આ બનાવમાં તાપી એલસીબી અને નિઝર પોલીસની ટીમે આરોપીને મહારાષ્ટ્રના ધડગાંવના સાતપૂળા ગીરીમાળામાંથી ઝડપી પાડ્યો હતો.

પલસાણાના વણેસા પાસે અજાણ્યા વાહનની ટક્કરે યુવકનું મોત

પલસાણાઃ પલસાણાના વણેસા ગામની સીમમાં હજીરાથી ધુલિયા તરફ જતા રોડ પર રસ્તો ક્રોસ કરી રહેલા 33 વર્ષીય ગણેશભાઈ બુધીયાભાઈ રાઠોડને અજાણ્યા વાહનચાલકે અડફેટે લેતાં તેનું સ્થળ પર જ મોત નીપજ્યું છે.

વડપાડા ભીંત ગામે ખેડૂતનો આપઘાત

વ્યારાઃ ઉચ્છલના વડપાડા ભીંત ગામના નિશાળ ફળિયામાં રહેતા 55 વર્ષીય ખેડૂત ગણપતભાઈ શિવાજીભાઈ ગામીતે ગતરોજ સવારે 8થી 9 વાગ્યાના અરસામાં રાકેશભાઈ ગામીતના ખેતરમાં અગમ્ય કારણોસર આંબાની ડાળી સાથે દોરી વડે ફાંસો ખાઈ આપઘાત કરી લીધો હતો.

જામણકૂવામાં વાહન અડફેટે આધેડનું મોત

માંડવીઃ માંડવીથી મઢી જવાના માર્ગ પર જામણકુવા ચાર રસ્તા પાસે એક અજાણ્યા વાહન ચાલકે પૂરઝડપે હંકારી રોડ ક્રોસ કરી રહેલા દિલીપભાઈ ચૌધરીને ટક્કર મારી હતી. જેથી ગંભીર ઇજા પહોંચતાં તેમનું ઘટના સ્થળે જ મોત થયું હતું. અકસ્માત સર્જીને વાહન ચાલક પોતાનું વાહન લઈને સ્થળ પરથી ફરાર થઈ ગયો હતો. આ બનાવ અંગે મૃતકના પુત્ર પિયુષભાઈ દિલીપભાઈ ચૌધરીએ માંડવી પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે. પોલીસે અજાણ્યા વાહન ચાલક વિરુદ્ધ ગુનો દાખલ કરીને વધુ તપાસ હાથ ધરી છે.

બારડોલીના માણેકપોરમાં માટી ધસી પડતાં મજૂરનું મોત

બારડોલીઃ મૂળ પશ્ચિમ બંગાળના માલદા જિલ્લાના કાલિયાચક ગામના અને હાલ બારડોલીના માણેકપોર ગામે આવેલી હરી ઇન્ડસ્ટ્રીયલ પાર્કમાં રહેતા રફીક રબ્બાની શેખ (ઉ.વ.43) સોમવારે સાંજે એપીસી ઇન્ફ્રા પ્રોજેક્ટમાં ફૂટિંગનું કામ કરી રહ્યા હતા. તે વખતે તેમની ઉપર માટી ધસી પડી જતાં તેઓ દબાઈ ગયા હતા. સ્થાનિક મજૂરોએ તેમને તાત્કાલિક બહાર કાઢી બારડોલીની ખાનગી હોસ્પિટલમાં પહોંચડ્યા હતા. જ્યાં સારવાર દરમિયાન તબીબે તેમને મૃત જાહેર કર્યા હતા. આ અંગે બારડોલી ગ્રામ્ય પોલીસે અકસ્માત મોતની નોંધ કરી વધુ તપાસ હાથ ધરી છે.

સરની ગૂંચવણભરી પ્રક્રિયા બાદ વ્યારા-નિઝર મતદાર યાદી પ્રસિદ્ધ

વ્યારાઃ મતદાર યાદીનો ખાસ સઘન સુધારણાની ગૂંચવી નાખે તેવી જટિલ SIRની કામગીરી હાથ ધરાયા બાદ ગતરોજ તાપી જિલ્લામાં સમાવિષ્ટ વ્યારા (અનુસૂચિત જનજાતિ) અને નિઝર (અનુસૂચિત જનજાતિ) વિધાનસભા મત વિસ્તારમાં સમાવિષ્ટ આખરી મતદાર યાદી તંત્ર દ્વારા પ્રસિદ્ધ કરવામાં આવી હતી. જિલ્લાના નાયબ ચૂંટણી અધિકારીના જણાવ્યા અનુસાર મતદાન મથકોના પુનર્ગઠન બાદ તાપી જિલ્લામાં અસ્તિત્વમાં આવેલાં કુલ ૬૩૪ મતદાન મથકોમાં, આખરી મતદાર યાદી મુજબ કુલ ૪,૭૯,૬૬૫ મતદાર નોંધાયેલા છે, જેમાં વ્યારા (અનુસૂચિત જનજાતિ) વિધાનસભા મતવિભાગમાં 2,10,962 મતદાર અને નિઝર (અનુસૂચિત જનજાતિ) વિધાનસભા મતવિભાગમાં 2,68,703 મતદાર નોંધાયા છે, જેની વિગતો જિલ્લા ચૂંટણી અધિકારી દ્વારા જાહેર કરવામાં આવી હતી.

કોસંબા નજીક વિખૂટો પડી ગયેલો ચાર વર્ષનો બાળક મળ્યો

ઈબ્રાહીમ કાનુ

હથોડાઃ કોસંબા પોલીસની હદની કુંવારદા ચોકડી પાસે એક આશરે ચાર વર્ષનું બાળક રડતી હાલતમાં મળી આવ્યું હતું. જાગૃત નાગરિકોની નજર પડતા તેમણે બાળકને કોસંબા પોલીસને સોંપ્યું હતું. પોલીસે બાળકને પ્રેમથી ચા-બિસ્કિટ ખવડાવી પૂછપરછ કરતાં, તેણે ગ્રુટક ભાષામાં પોતાનું નામ અર્શિત જણાવ્યું હતું અને તે તેના મામા સાથે કુંવારદાથી ગાડીમાં ગેસ ભરાવવા આવ્યો હોવાનું કહ્યું હતું. પોલીસે તાત્કાલિક કુંવારદા ગામમાં તપાસ કરી પરિવારનો સંપર્ક સાધ્યો હતો. આમ, પોલીસ જમાદાર મહેશભાઈ અને અન્ય સ્ટાફે ગણતરીના કલાકોમાં જ વિખુટા પડેલા બાળકનું તેના પરિવાર સાથે મિલન કરાવ્યું હતું.

અનાવલની શ્રી કે.એલ.પટેલ શાળાનું ગૌરવ

ભોરિયાઃ શ્રી કે. એલ. પટેલ એન્ડ વી. એમ. સાર્વજનિક હાઈસ્કૂલના સાયન્સ વિભાગમાં ધો.12માં અભ્યાસ કરતી પ્રાચી મનીષ બારોટે Joint Entrance Examination (JEE) પરીક્ષામાં 76.74 પર્સેન્ટાઇલ પ્રાપ્ત કરી શાળા અને સમગ્ર મહુવા તાલુકાનું ગૌરવ વધાર્યું છે. આ અવસરે શાળાના આચાર્ય ભૂપેન્દ્રભાઈ સી. ચૌધરી તથા મંડળના પ્રમુખ વિપુલભાઈ એન. પટેલ સહિત ટ્રસ્ટ પરિવારે શુભેચ્છા પાઠવી હતી. સાયન્સ વિભાગના શિક્ષકોના પ્રયત્નો થકી આ સિદ્ધિ પ્રાપ્ત કરી છે.

જૂના દિવા ગામે મંદિરમાંથી વાસણોની ચોરી કરનાર ઝડપાયો

અંકલેશ્વરઃ અંકલેશ્વરના જૂના દીવા ગામ સ્થિત ભાથીજી મંદિરના પરિસરમાં આવેલા સેવા ભવનમાંથી આશરે રૂ.80 હજારનાં પિત્તળનાં વાસણોની ચોરી મામલે એ ડિવિઝન પોલીસે પીરામણ નજીક આમલાખાડી વિસ્તારમાંથી આરોપીની ધરપકડ કરી હતી. પોલીસે ભીમપ્રસાદ કેવટ પાસેથી ચોરીનાં વાસણો કબજે લીધાનું જાણવા મળ્યું છે.

Milano MULTIPLEX
બારડોલી
O' Romeo
10:00am, 01.00pm, 03:00am, 04:30pm, 06:00pm, 09:00pm, 10:00pm
Mardaani 3
12:00pm, 07:00pm
Border 2
02:00pm, 09:30pm
Ph:- 02622-230068
*Movie schedule